RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ માગસર સુદ - ૧૩   બુધવાર, તા.૦૩-૧૨-૨૦૨૫   અંક : ૩૦ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂ. ૨-૫૦   પાના - ૮




# કાળુભા રોડ પર હોસ્પિટલના બિલ્ડીંગમાં વિકરાળ આગ, નવજાત શિશુઓ સહિત ૨૦નું રેસ્ક્યું કરાયુ: અનેક વાહનો ભસ્મીભૂત

## ભાવનગરમાં આજે સવારે બનેલી ઘટનાએ લોકોના શ્વાસ થંભાવી દિધા : સમયસર બચાવ કામગીરી ન થઈ હોત તો આવનાર પરિણામની કલ્પના માત્ર ધ્રુજાવી જાય તેવી છે ! : આગના બનાવમાં સદનસિબે કોઈ જાનહાની કે ઈજા નહીં પરંતુ ઘટના પરથી તંત્રએ ધડો લેવો અત્યંત જરૂરી !



ભાવનગર,તા.૩

ભાવનગરના કાળુભા રોડ પર આવેલ એક કોમ્પ્લેક્ષના અંડરગ્રાઉન્ડ પાર્કિંગમાં આજે સવારના સુમારે આગ લાગી હતી. અને ઘડીભરમાં પાર્કિંગમાં પાર્ક થયેલ ફોર વ્હીલ અને ટુવ્હીલ મળી ૧૦ વાહનો પણ આગની ઝપટે ચડ્યાં હતા. તે પૈકી ટુવ્હીલ વાહનો બળીને રાખ થયા હતા. આથી આગે વિકરાળ રૂપ ધારણ કરતા ધુમાડાના ગોટેગોટા ઉઠ્યા હતા. અને આગની જ્વાળા બીજા અને ત્રીજા માળે આવેલી હોસ્પિટલ સુધી પહોચતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. હોસ્પિટલે જવા આવવા માટે કોમ્પ્લેક્ષમાં એક માત્ર દાદરો હોવાથી ગભરાયેલા લોકોએ હોસ્પિટલની બારીના કાચ તોડીને નવજાત શિશુઓ અને અન્ય દર્દી તેમજ સંબંધીઓને બહાર કાઢ્યા હતા. બનાવના પગલે લોકોના જીવ તાળવે ચોટી ગયા હતા. સમગ્ર ઘટનામાં ઉડીને આંખે વળગે તેવી વાત એ હતી કે હોસ્પિટલવાળા બિલ્ડીંગમાં જવા આવવા માટે માત્ર એક જ દાદરો હતો તેમજ આગ ઓલવવા માટેના ફાયર સાધનો બંધ સ્થિતિમાં જણાયા હતા.

સમગ્ર શહેરમાં આજે સવારથી ટોક ઓફ ધ ટાઉન બનેલી આ ઘટનામાં ઉપલબ્ધ વિગતો મુજબ શહેરના કાળુભા રોડ પર સર ટી હોસ્પિટલના પાછળના (બંધ કરાયેલા)દરવાજાની સામે સમિપ કોમ્પલેક્ષ આવેલું છે. આ બિલ્ડીંગમાં નવજાત બાળકોની હોસ્પિટલ તથા અન્ય ક્લિનીંક, મેડીકલ સ્ટોર અને લેબોરેટરી વિગેરે છે. આજે સવારના સુમારે કોમ્પલેક્ષના અંડર ગ્રાઉન્ડ પાર્કિંગ કોઈ કારણો સબબ કચરામાં આગ લાગી હતી. જે આગ પાર્કિંગમાં રહેલા ફોરવ્હીલ અને ટુવ્હીલ મળી સાતથી આઠ વાહનોમાં પ્રસરી હતી. જેના કારણે આગે વિકરાળ રૂપ ધારણ કર્યુ હતું. શહેરના અન્ય વિસ્તારોમાંથી પણ આગના ગોટેગોટા નજરે ચડતા હતા. આગના પગલે રસ્તે નિકળેલા રાહદારીઓ અને વાહન ચાલકો થંભી ગયા હતા. બીજી બાજુ ધુમાડાના ગોટા સમગ્ર બિલ્ડીંગમાં પ્રસરી ગયા હતા. અને નિચે ઉતરવાના એક માત્ર દાદરમાં પણ ધુમાડાના ગોટા ફેલાતા બિલ્ડીંગમાં રહેલા દર્દીઓમાં અફરા તફરી મચી ગઈ હતી. આથી હોસ્પિટલના બારીના કાચ તોડીને નવજાત શીશુઓ તથા અન્ય લોકોને ઉતારીને બચાવી લેવાયા હતા.

આ આગની ઘટનાની ભાવનગર ફાયર બ્રિગેડને સવારે ૯.૪૩ કલાકે જાણ કરાતા ફાયર બ્રિગેડનો કાફલો મારતી ગાડીએ સ્થળે પહોચ્યો હતો અને આગ ઓલવવા માટે પાણીનો છંટકાવ શરૂ કર્યો હતો તેમજ રેસ્ક્યુ પણ હાથ ધર્યુ હતું. ફાયર બ્રિગેડના સુત્રો પાસેથી પ્રાપ્ત વિગત મુજબ ૧૮ હજાર લીટર પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લેવામાં આવી હતી. બનાવના પગલે સ્થળ પર પાંચ ફાયર ફાઈટર સાથે સ્ટાફ પહોચ્યો હતો. ચિફ ફાયર ઓફિસર સહિતના અધિકારીઓ પણ પહોચ્યા હતા.

# ચલણના મૂલ્યમાં ઘટાડાની શેરબજાર પર અસર

## ભારતીય શેરબજારમાં શરૂઆતના કારોબારમાં જોવા મળી નરમાઈ વૈશ્વિક બજારોમાં તેજી છતાં ભારતીય શેરબજારમાં ઘટાડાનું વલણ

મુંબઈ

આજે ભારતીય શેર બજારે સપાટ શરૂઆત નોંધાવી હતી. બોમ્બે સ્ટોક્સ એક્ષચેન્જનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૨ પોઈન્ટના વધારા સાથે ૮૫,૧૫૦ પર ખુલ્યો, જ્યારે નેશનલ સ્ટોક્સ એક્ષચેન્જનો ઈન્ડેક્સ નિફ્ટી ૨૭ પોઈન્ટના ઘટાડા સાથે ૨૬,૦૦૪ પર ખુલ્યો.

સપાટ શરૂઆત બાદ શરૂઆતમાં કારોબારમાં શેર બજારમાં ઘટાડો નોંધાયો હતો. શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ ૮૫,૦૦૦ની નીચે અને નિફ્ટી ૨૬,૦૦૦ની નીચે ટ્રેડ કરી રહ્યો હતો. દરમિયાન, યુએસ અમેરિકન ડોલર સામે રૂપિયો ઐતિહાસિક નીચલા સ્તરે પહોંચી ગયો છે. યુએસ ડોલર સામે રૂપિયો ૯૦.૧૩ ની નીચી સપાટીએ પહોંચી ગયો છે.

શરૂઆતના કારોબારમાં FMCG, PSU બેંકો અને ઓટો સેક્ટરના શેરોમાં મોટો ઘટાડો નોંધાયોમ, જ્યારે IT, ફાર્મા અને મેટલ શેરો સ્થિર રહ્યા.

સવારે ૧૦ વાગ્યે સેન્સેક્સ ૨૩૨.૦૬(૦.૨૭%) પોઈન્ટ્સના ઘટાડા સાથે ૮૪,૯૦૬.૨૧ પર અને નિફ્ટી ૮૭.૫૫ (૦.૩૪%)ના ઘટાડા સાથે ૨૫,૯૪૪.૬૫ પર ટ્રેડ કરી રહ્યો હતો.

વૈશ્વિક બજારોમાં તેજી છતાં ભારતીય બજારમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગઈ કાલે યુએસ બજારોમાં સતત છઠ્ઠી વખત વધારા સાથે બંધ થયું હતું. ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજમાં ૦.૩૯% અને નાસ્ડેકમાં ૦.૫૯%નો વધારો નોંધાયો હતો.

આજે બુધવારે સવારે એશિયન બજારોમાં વધારો નોંધાયો હતો. જાપાનના નિક્કીમાં ૦.૭૫% અને દક્ષિણ કોરિયાનો કોસ્પીમાં ૦.૮૨%નો વધરો નોંધાયો.

# ઐતિહાસિક કડાકો : અમેરિકન ડોલર સામે રૂપિયો ૯૦ને પાર



## ભારતીય કરન્સી ઓલ ટાઈમ લો લેવલ પર પહોંચી : યુએસ ડોલર સામે ૮૯.૯૭ પર ખુલ્યા બાદ રૂપિયો ગાડીને ૯૦.૧૪ની નીચલી સપાટીએ પહોંચી ગયો

નવી દિલ્હી

ભારતીય ચલણ બજારમાં આજે સવારે એક મોટો આંચકો જોવા મળ્યો છે. અમેરિકન ડોલર સામે રૂપિયો પ્રથમ વખત ?૯૦ પ્રતિ ડોલરના સ્તરને પાર કરી ગયો છે, જે અત્યાર સુધીનું સૌથી નબળું સ્તર છે. બજાર ખુલતાની સાથે જ દબાણ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું અને રૂપિયા પર વેચવાલીનો મારો યથાવત રહ્યો હતો.

ભારતીય રૂપિયો આજે અમેરિકન ડોલર સામે ઈતિહાસનો સૌથી મોટો ઘટાડાનો દિવસ લઈને આવ્યો. રૂપિયો પ્રથમ વખત ?૯૦/ઈ ની નીચે ગગડ્યો અને બજાર ખુલતાની સાથે જ રેકોર્ડ નબળાઈ નોંધાવી. તે ૮૯.૮૭ પ્રતિ ડોલરના અગાઉના બંધ સામે ૮૯.૯૭ પર ખુલ્યો, પરંતુ થોડી જ વારમાં ગગડીને ?૯૦.૧૪/ઈ ના ઓલ-ટાઈમ નીચલા સ્તરે પહોંચી ગયો. વિદેશી માંગ, ડોલરની મજબૂતાઈ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓએ રૂપિયા પર ભારે દબાણ બનાવ્યું છે.રૂપિયાના આ રેકોર્ડ બ્રેક ઘટાડા પાછળ અનેક મોટા કારણો છે.

છેલ્લા ઘણા દિવસોથી અમેરિકન ડોલર સતત મજબૂત થઈ રહ્યો છે. વિશ્વભરના રોકાણકારો સુરક્ષિત રોકાણની શોધમાં ડોલરમાં રોકાણ કરી રહ્યા છે. વિદેશી રોકાણકારો હાલમાં ભારતીય બજારમાંથી નાણાં પાછા ખેંચી રહ્યા છે. જ્યારે FII સતત વેચાણ કરે છે, ત્યારે ડોલરની માંગ વધે છે અને રૂપિયો નબળો પડે છે. અમેરિકાની આર્થિક નીતિ, વ્યાજદરો પરની અટકળો અને વિશ્વના ઘણા ભાગોમાં તણાવ - આ બધું મળીને ડોલરને તાકાત અને રૂપિયાને નબળાઈ આપી રહ્યું છે.રૂપિયાનું ૯૦ને પાર જવું એ માત્ર એક મનોવૈજ્ઞાનિક સ્તર તૂટવાની વાત નથી, પરંતુ તે બજારમાં વિશ્વાસના બદલાવનો પણ સંકેત આપે છે.

# તલાક બાદ મુસ્લિમ મહિલાને તેનો દરેક સામાન પરત મેળવવાનો અધિકાર : સર્વોચ્ચ અદાલત



## મુસ્લિમ મહિલાને તેના સગા-સંબંધીઓ કે મિત્રો દ્વારા લગ્ન પહેલાં, લગ્ન દરમિયાન કે લગ્ન પછી આપવામાં આવેલી તમામ મિલકતો પર અધિકાર

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે આપેલા એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ ચુકાદામા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, તલાક લીધેલી મુસ્લિમ મહિલાને લગ્ન સમયે તે જે રોકડ, સોનું, દહેજ અને અન્ય ઘરેલુ સામાન પોતાની સાથે લાવી હોય તે બધું જ પાછું મેળવવાનો કાયદેસર અધિકાર છે.

જસ્ટિસ સંજય કરોલ અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું કે આ તમામ વસ્તુઓને મહિલાની વ્યક્તિગત મિલકત ગણાવી જોઈએ અને તલાક થયા બાદ તેના પૂર્વ પતિ દ્વારા તે પરત થવી જરૂરી છે. કોર્ટે જણાવ્યું કે મુસ્લિમ મહિલા (તલાક પર અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૩ હેઠળ આ જોગવાઈ છે, જે મહિલાને તેના સગા-સંબંધીઓ કે મિત્રો દ્વારા લગ્ન પહેલાં, લગ્ન દરમિયાન કે લગ્ન પછી આપવામાં આવેલી તમામ મિલકતો પર હકદાર બનાવે છે, જે મહિલા તલાક પછી તેને પાછું માગી શકે છે.કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ કાયદાનું અર્થઘટન માત્ર સિવિલ વિવાદ તરીકે નહી, પરંતુ બંધારણ દ્વારા આપવામાં આવેલી સમાનતા અને સ્વાયત્તતાના વચનને પૂર્ણ કરવાના હેતુથી થવું જોઈએ, જેથી તલાક પછી મહિલાને આર્થિક સ્વતંત્રતા મળી રહે. આ નિર્ણય ડેનિયલ લતીફી વિરુદ્ધ ભારત સંઘ (૨૦૦૧) કેસના અગાઉના ચુકાદાને પણ મજબૂત કરે છે.

સુપ્રીમ કોર્ટે આ નિર્ણય એક મુસ્લિમ મહિલાની અરજી પર આપ્યો છે, જેમાં સુપ્રીમ કોર્ટે તેના પૂર્વ પતિને છ સપ્તાહની અંદર ?૧૭,૬૭,૯૮૦ની રકમ મહિલાના બેન્ક ખાતામાં જમા કરવાનો સીધો આદેશ આપ્યો છે. આ રકમમાં મહેર, દહેજ, ૩૦ તોલા સોનાના આભૂષણો અને રેફ્રિજરેટર, ટીવી, ફર્નિચર વગેરે સહિતના ઘરેલુ સામાનનું કુલ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. કોર્ટે વધુમાં જણાવ્યું કે જો પૂર્વ પતિ નિર્ધારિત સમયમાં આ ચુકવણી ન કરે, તો તેણે ૯% વાર્ષિક વ્યાજ પણ ચૂકવવું પડશે.

# અમેરિકાની હવે વેનેઝુએલા પર જમીન હુમલો કરવાની તૈયારી

## યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના ડ્રગ તસ્કરોને આપી ચેતવણી

વોશિંગ્ટન

અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ વધી ગયો છે. વેનેઝુએલાની બોટો ઉડાવી દીધા પછી ટ્રમ્પે જમીન પર હુમલો કરવાની ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું, મને ખબર છે કે ખરાબ લોકો ક્યાં રહે છે, અને અમે ખૂબ જ ટૂંક સમયમાં તેમના પર હુમલો શરૂ કરવાના છીએ.



યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના ડ્રગ તસ્કરોને એક મોટી ચેતવણી આપી છે. કેરેબિયનમાં કથિત વેનેઝુએલાના ડ્રગ તસ્કરોની બોટો પર વારંવાર હવાઈ હુમલાઓ બાદ ટ્રમ્પે કહ્યું કે, યુએસ ટૂંક સમયમાં વેનેઝુએલાની અંદર ડ્રગ તસ્કરો પર હુમલો કરવાનું શરૂ કરશે.

ખરેખર, મંગળવારની કેબિનેટ બેઠક દરમિયાન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણીઓ વેનેઝુએલા અને અમેરિકા વચ્ચે તણાવ વધુ વધારવાની શક્યતા છે.

વેનેઝુએલામાં ડ્રગ તસ્કરોની બોટો પર વારંવાર હુમલો કર્યા પછી, યુએસએ બીજો મોટો નિર્ણય લીધો છે. કેબિનેટ બેઠક દરમિયાન, ટ્રમ્પે કહ્યું, "અમે આ જમીન પર પણ હુમલા કરવા જઈ રહ્યા છીએ. જમીન પર હુમલો કરવો ખૂબ જ સરળ છે, અને અમે જાણીએ છીએ કે ખરાબ લોકો ક્યાં રહે છે. અમે ખૂબ જ ટૂંક સમયમાં તેમના પર હુમલો કરવાનું શરૂ કરીશું.

# યુક્રેન યુદ્ધ માટે રશિયાને જવાબદાર ગણવાના નિવેદનનો ભારતે કર્યો વિરોધ

## બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીના ટોચના રાજદ્વારીઓ દ્વારા એક મુખ્ય અખબારમાં પ્રકાશિત કરાયેલા સંયુક્ત લેખને કારણે કૂટનીતિક વિવાદ સર્જાયો

નવી દિલ્હી

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનની મહત્વપૂર્ણ ભારત યાત્રાના બરાબર પહેલા બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીના ટોચના રાજદ્વારીઓ દ્વારા એક મુખ્ય અખબારમાં પ્રકાશિત કરાયેલા સંયુક્ત લેખને કારણે એક કૂટનીતિક વિવાદ સર્જાયો છે. આ લેખમાં યુક્રેન યુદ્ધ માટે રશિયાને જવાબદાર ઠેરવવામાં આવતા નવી દિલ્હીએ આ પગલાને "અસ્વીકાર્ય અને અસામાન્ય" ગણાવીને સખત નારાજગી વ્યક્ત કરી છે.

ભારતીય વિદેશ મંત્રાલય (MEA)ના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, "આ ખૂબ જ અસામાન્ય છે. ત્રીજા દેશો સાથેના સંબંધો પર જાહેરમાં સલાહ આપવી એ સ્વીકાર્ય કૂટનીતિક પ્રથા નથી. અમે આ બાબતની નોંધ લીધી છે." આ લેખ બ્રિટિશ હાઈ કમિશનર લિન્ડી કેમરન, ફ્રેન્ચ રાજદૂત થિએરી માથુ અને જર્મન રાજદૂત ફિલિપ એકરમેન દ્વારા લખવામાં આવ્યો હતો, જેનું શીર્ષક હતું, 'દુનિયા ઈચ્છે છે કે યુક્રેન યુદ્ધ સમાપ્ત થાય, પરંતુ રશિયા શાંતિ માટે ગંભીર લાગતું નથી'. આ લેખમાં પુતિન પર માનવ જીવનની ઉપેક્ષા કરવાનો અને શાંતિ વાર્તામાં વિલંબ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

# યુરોપ ઈચ્છતું હોય તો રશિયા યુદ્ધ માટે તૈયાર યુરોપિયન દેશોને વ્લાદિમીર પુતિનની ચેતવણી

## યુરોપિયન દેશોના નેતાઓ યુદ્ધ વિરામ માટેની યોજનાને અંતિમ સ્વરૂપ આપવામાં વિઘ્ન ઊભું કરતા હોવાનો રશિયન પ્રમુખનો આરોપ

મોસ્કો

રશિયા અને યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવા અંગે ચાલી રહેલ શાંતિ સમજૂતીની પ્રક્રિયા વચ્ચે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુરોપિયન દેશોને ચેતવણી આપીને કહ્યું છે કે, જો યુરોપ ઈચ્છતું હોય તો રશિયા યુદ્ધ માટે તૈયાર છે.પુતિને આરોપ લગાવ્યો કે યુરોપિયન દેશોના નેતાઓ યુક્રેન યુદ્ધવિરામ માટે શાંતિ યોજનાને અંતિમ સ્વરૂપ આપવાના યુએસના પ્રયસોમાં વિઘ્ન પાડી રહ્યા છે. યુક્રેન યુદ્ધવિરામની યોજના અંગે ચર્ચા કરવા પુતિને મોસ્કોમાં યુએસ રાજદૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર સાથે બેઠક કરી હતી, ત્યાર બાદ તેમણે આવું નિવેદન આપ્યું હતું.

પુતિને પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું કે, અમે યુરોપ સાથે યુદ્ધ કરવા નથી ઈચ્છતા, પરંતુ જો યુરોપ ઈચ્છે છે અને તેઓ યુદ્ધ શરૂ કરે છે, તો અમે હાલ તૈયાર જ છીએ.પુતિને આરોપ લગાવ્યો કે યુરોપિયન સરકારો યુક્રેન યુદ્ધનું સમાધાન લાવવા યુએસ સરકારના પ્રયાસોમાં અવરોધ ઊભો કરી રહ્યા છે. તેમણે કહ્યું, તેમની પાસે કોઈ શાંતિપૂર્ણ એજન્ડા નથી, તેઓ યુદ્ધના પક્ષમાં છે.નોંધનીય છે કે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રજુ કરેલી યુક્રેન યુદ્ધવિરામ યોજનામાં યુરોપિયન દેશોએ ફેરફાર સૂચવ્યા હતાં. યુએસ એસએ ૨૮-પોઈન્ટનો ડ્રાફ્ટ પ્લાન રજૂ કર્યો હતો, જેમાં યુક્રેન અને યુરોપિયન દેશોએ વાંધાઓ રજુ કર્યા હતાં, બાદમાં તેમાં સુધારા કરવામાં આવ્યા હતાં.

આ બાબતે પુતીને યુરોપિયન દેશોના વલણની ટીકા કરી હતી. પુતીને કહ્યું આ ફેરફારોનો હેતુ સમગ્ર શાંતિ પ્રક્રિયામાં અવરોધ ઉભો કરવાનો હતો.